અમદાવાદ(ગ્રામ્ય)નાં મે. 7 માં એડી. સીવીલ જજ અને જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ, મુ. મીરઝાપુર, અમદાવાદ.

ફોજદારી કેસ નંબર – ૭૫૧૮/૧૮
આંક –

ફરીયાદીઃ – શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ –(૧) કનુભાઈ ભીખાભાઈ રાવલ

**ગુન્હો– ઈ.પી.કો. કલમ – ૨૮૩ મુજબ**

## ચુકાદો

૧. ફરીયાદ પક્ષની ટુંકમાં હકીકત એવી છે કે આરોપી સામે ઈ.પી.કો. કલમ–૨૮૩ મુજબનાં શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.આજરોજ નામ.નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પે.સીંટીગ રાખેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીને ગુનો કબુલાત અંગે પુછતા તેઓએ ગુનાની કબુલાત કરેલ છે, જેથી તેઓની ગુનાની કબુલાલ લીધી. આ કામમાં આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે, તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને સ્વેચ્છાએ ગુનો કબુલ કરે છે. આ તેઓનો પ્રથમ ગુનો છે તેઓ કોઈપણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે. અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ખાત્રી કરવામાં આવેલ છે. આમ, આરોપીનાં ઉપરોક્ત સંજોગો જોતા દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરુ છું.

**: હુકમ :**

આરોપીને ક્રિ.પો. કો. કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ– ૨૮૩ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૧૦૦ દંડ છે (રૂપીયા સો પુરા), દંડ ન ભરે તો દિન– ૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તા.૯, માહે માર્ચ, સને ૨૦૧૯,** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૧૯
અમદાવાદ.

(અભિષેક સાહુ.)
UIC NO G J 01429
૭ માં એડી.જ્યુડી.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.